dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 । Issue- 254 । AD - 2026, Jeth Sud -06 । Saturday, Dt. 20-06-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

પેરિસમાં પ્રધાનમંત્રીએ ભારતીય મૂળના લોકો સાથે વાર્તાલાપ કર્યો

જનશક્તિ એ સામાન્ય ચા વાળાને દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચાડ્યો : મોદી

૬ દિવસની યુરોપની યાત્રા પૂર્ણ કરી પ્રધાનમંત્રી દિલ્હી પરત ફર્યા

પેરિસ,તા.૧૯

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે હિન્દીમાં એક ખાસ વીડિયો મેસેજ શેર કર્યો છે. તેમણે વડાપ્રધાન મોદીનું નીસ, એવિયન અને પેરિસના પ્રવાસમાં ઉષ્માભર્યું સ્વાગત કરતાં જણાવ્યું કે, ભારત અને ફ્રાન્સની મિત્રતા હંમેશાં અમર રહે. વિડીયોના અંતમાં મેક્રોને હસતાં-હસતાં આશા વ્યક્ત કરી હતી કે તેમનો આ હિન્દી સંદેશ સાચો હશે. તેમણે આગામી ફેબ્રુઆરી મહિનામાં ભારત પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદીને મળવાની ઉત્સુકતા પણ દર્શાવી હતી. બીજી તરફ, ફ્રાન્સથી રવાના થયા બાદ પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે આ યાત્રા સહભાગિતા અને ઉપલબ્ધિઓ બંને દ્રષ્ટિએ ખૂબ વ્યાપક રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને સ્લોવાકિયાનો છે. દિવસનો સફળ પ્રવાસ પૂર્ણ કરીને ગુરુવારે મોડી રાત્રે ભારત પરત ફરવા રવાના થયા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે પ્રતિષ્ઠિત G7 સમિટમાં પણ હાજરી આપી હતી, જ્યાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે તેમની વિશેષ મુલાકાત થઈ હતી અને ટ્રમ્પે મોદીના મુક્તકંઠે વખાણ કર્યા હતા. આ ઉપરાંત પીએમ મોદી પેરિસમાં આયોજિત



વિવાટેક સમિટમાં પણ સામેલ થયા હતા. ત્યાં તેમણે જણાવ્યું કે, ફ્રાન્સ એક મહત્વપૂર્ણ પુલ તરીકે કામ કરી રહ્યું છે, જે ભારત અને યુરોપના ટેક ઈકોસિસ્ટમને એકબીજાની વધુ નજીક લાવી રહ્યું છે.પેરિસમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા વડાપ્રધાને ભાવુક થઈને જણાવ્યું કે, ભારત અને ફ્રાન્સની ભાગીદારીના મહત્વના વર્ષો પૂર્ણ થયા છે. તેમણે દેશની સેવા કરવાને પોતાનું મોટું સૌભાગ્ય ગણાવતા કહ્યું કે, આ ભારતની લોકશાહીની જ શક્તિ છે જેણે એક સામાન્ય ચાવાળાને દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચાડ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૪૦ કરોડ ભારતીયોની અદ્ભુત ક્ષમતાને કારણે ભારતની જીડીપી બમણી થઈ છે. દેશમાં એરપોર્ટ અને યુનિવર્સિટીઓની સંખ્યા બમણી થઈ ગઈ છે, જ્યારે હાઈવે નિર્માણની ઝડપ ત્રણ ગણી વધી ગઈ છે. મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૧૦૦ ગણો વધારો નોંધાયો છે અને ભારત આજે દુનિયાનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બની ગયો છે.દેશના સર્વાંગી વિકાસના આંકડા રજૂ કરતા પીએમ મોદીએ ઉમેર્યું કે, ભારતમાં ૨૫ કરોડથી વધુ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે, જે દર્શાવે છે કે પ્રગતિનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચી રહ્યો છે. ફ્રાન્સમાં જેટલા કુલ ઘરોની સંખ્યા છે, તેનાથી વધુ ઘર ભારતમાં જરૂરિયાતમંદ લોકો માટે બનાવવામાં આવ્યા છે.

આ તમામ ભૌતિક સિદ્ધિઓ કરતાં પણ મોટી બાબત એ છે કે આજે ૧૪૦ કરોડ ભારતીયોનો આત્મવિશ્વાસ ચરમસીમાએ છે. દેશનો યુવા વર્ગ હવે ખૂબ મોટા સપના જોઈ રહ્યો છે અને ભારતનો ખેડૂત પણ નવી સંભાવનાઓ સાથે સતત આગળ વધી રહ્યો છે.

અફઘાનિસ્તાને પાકિસ્તાનની સરહદમાં ઘુસી ડ્રોન હુમલો કર્યો, આંતકવાદી ઠેકાણાઓ નષ્ટ

નવી દિલ્હી,તા.૧૯

અફઘાનિસ્તાને પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને એક મોટો વળતો હુમલો કર્યો છે. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈકના જવાબમાં આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. ગયા અઠવાડિયે નાંગરહાર અને પક્તિયામાં પાકિસ્તાની હવાઈ હુમલામાં અફઘાન મહિલાઓ તથા બાળકોના મોત થયા હતા, જેના કારણે તાલિબાન સરકારે આ જવાબી પગલું ભર્યું છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે સવારે એક સત્તાવાર નિવેદન જાહેર કરીને દાવો કર્યો છે કે, અફઘાન દળોએ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પ્રાંતમાં સક્રિય આતંકી સંગઠન ISIS-K (ઈસ્લામિક સ્ટેટ ખોરાસાન પ્રોવિન્સ) ના ઠેકાણાઓ પર સફળ હુમલા કરીને તેને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા છે. તાલિબાનના જણાવ્યા અનુસાર, આ ઠેકાણાઓનો ઉપયોગ અફઘાનિસ્તાનની ધરતી પર હુમલાના ષડયંત્ર ઘડવા, આતંકીઓની ભરતી, તાલીમ અને ઉચ્ચ નેતાઓની અવરજવર માટે કરવામાં આવતો હતો. સંરક્ષણ મંત્રાલયના દાવા મુજબ, આ ઓપરેશન બલૂચિસ્તાનના કિલ્લા અબ્દુલ્લા જિલ્લાના ગુલિસ્તાન વિસ્તાર, ચગાઈ જિલ્લાના શાકર આબ જંગલ વિસ્તાર અને ખૈબર પખ્તુનખ્વાની ઓરકઝઈ એજન્સીના કંબર ખેલ વિસ્તારમાં ચલાવવામાં આવ્યું હતું. આ હુમલા દરમિયાન તમામ હાઈ-વેલ્યુ ટાર્ગેટ્સ સફળતાપૂર્વક ધ્વસ્ત કરવામાં આવ્યા છે અને દેશની સુરક્ષા માટે આ પગલું અનિવાર્ય હતું. અફઘાનિસ્તાનના આ આક્રમક વલણ અને લશ્કરી ઓપરેશન અંગે પાકિસ્તાન સરકાર અથવા સેના તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

ભારત-યુકે મુક્ત વેપાર કરાર થતા પડોશી દેશોના નિકાસ બજાર પર મોટો ફટકો પડશે

નવીદિલ્હી,તા.૧૯

ભારત અને યુકે વચ્ચે આગામી ૧૫ જુલાઈથી અમલમાં આવી રહેલો મુક્ત વેપાર કરાર (એફટીએ) એશિયાના વેપારી સમીકરણો બદલી નાખશે. લગભગ ત્રણ વર્ષની લાંબી વાટાઘાટો બાદ ગયા વર્ષે જુલાઈમાં આ ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર લાગુ થતાં જ ભારતને કાપડ અને પ્રોસેસ્ડ ફૂડ જેવી નિકાસ શ્રેણીઓમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામે મોટો ટેરિફ



લાભ મળશે. વ્યાપાર ડેટાના વિશ્લેષણ મુજબ, આ કરારને કારણે યુકેમાં બાંગ્લાદેશની નિકાસ સ્પર્ધાત્મકતા ૬ ટકા અને પાકિસ્તાનની ૨ ટકા જેટલી ઘટી શકે છે. જ્યારે આસિયાન દેશો પર તેની માત્ર ૧ ટકા જેટલી જ ન્યૂનતમ અસર થવાની ધારણા છે.વર્ષ ૨૦૨૫ માં યુકેમાં ભારતની નિકાસ ૧૫.૧૭ બિલિયન ડોલર હતી, જે આ એફટીએ માટે મજબૂત આધાર પૂરો પાડે છે. આ કરારથી બાંગ્લાદેશની ૨૯૮.૨ મિલિયન અને પાકિસ્તાનની ૩૮.૫ મિલિયન મૂલ્યની નિકાસ પ્રભાવિત થઈ શકે છે. ખાસ કરીને કાપડ, પ્રોસેસ્ડ ફૂડ, ચોખા અને ફાર્માસ્યુટિકલ્સ જેવા શ્રમ-સઘન ક્ષેત્રોમાં ભારત પડોશી દેશોના બજાર હિસ્સા પર પ્રભુત્વ મેળવશે.

ચોખાની શ્રેણીમાં પણ ભારત પાકિસ્તાન અને થાઈલેન્ડ કરતાં ઘણું આગળ છે. આમ, આ કરાર પરંપરાગત રીતે નિકાસ પર નિર્ભર રહેતા પડોશી દેશો માટે મોટું આર્થિક દબાણ ઊભું કરશે.



રાજ્યસભાની ૨૭ બેઠકોની ચૂંટણી બાદ એનડીએ બે-તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચ્યુ

નવીદિલ્હી,તા.૧૯

૨૭ બેઠકોની ચૂંટણી બાદ ઉપલા ગૃહમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધનની સ્થિતિ વધુ મજબૂત બની છે. ઝારખંડમાં પરિમલ નથવાણીની જીત સાથે એનડીએની સભ્યસંખ્યા ૧૫૩ થઈ છે, જે પશ્ચિમ બંગાળની ખાલી પડેલી ૪ બેઠકો જીત્યા બાદ ૧૫૭ પર પહોંચી શકે તેમ છે. બંધારણીય સુધારા માટે જરૂરી ૧૬૪ની બે-તૃતીયાંશ બહુમતીથી



એનડીએ હવે માત્ર ૭ બેઠકો દૂર છે. જો વાયએસઆરસીપીના સાંસદો આ ગઠબંધનને ટેકો આપે તો આ આંકડો ૧૬૧ સુધી પહોંચી શકે છે, જેનાથી બહુમતી માટે માત્ર ૩ બેઠકો જ ખૂટશે. આ સંજોગોમાં અન્ય પક્ષોના સમર્થન અથવા વોકઆઉટ દ્વારા સરકાર બંધારણ સુધારા બિલ પસાર કરાવી શકે છે.





રાજુલા એસટી ડેપોમાં ખોદકામથી પાણીની લાઈન તૂટતા સોસાયટીમાં પાણી ભરાયા

રાજુલા,તા.૧૯

રાજુલા એસટી ડેપો ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. ડેપોના અધિકારીઓ દ્વારા બસ સ્ટેન્ડ પાછળ શૌચાલયની ગટર લાઈનને ભૂગર્ભ ગટર સાથે જોડવા માટે જેસીબીથી ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ દરમિયાન મુખ્ય પાણી પુરવઠાની લાઈન તૂટી જતા મોટી માત્રામાં પાણી બહાર નીકળ્યું અને નજીકના સોસાયટી વિસ્તારોમાં ફરી વળ્યું. જેના કારણે રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક રહેવાસીઓએ સમયસર ઘટનાની જાણ રાજુલા નગરપાલિકાને કરતાં પાણી પુરવઠો તાત્કાલિક બંધ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં નગરપાલિકાના અધિકારીઓ અને સ્થાનિક સભ્યો સ્થળ પર દોડી આવ્યા હતા. રહેવાસીઓએ અગાઉ પણ ખોદકામનો વિરોધ કર્યો હોવાનો દાવો કર્યો છે. હવે નગરપાલિકાની મિલકતને થયેલા નુકસાન અંગે જવાબદારી કોની રહેશે અને એસટી વિભાગ સામે દંડાત્મક કાર્યવાહી થશે કે નહીં તે ચર્ચાનો વિષય બન્યો છે.



તસવીર : ગોપાલ રાઠોડ

ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે નાના કણકોટ ગામે સીસી રોડનું ખાતમુહૂર્ત

લાઠી,તા.૧૯

નાના કણકોટ ગામમાં એપ્રોચ રોડ અને સીસી રોડના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. ગામના વિકાસને વેગ આપનારા આ પ્રસંગે ઉપસરપંચ હસમુખભાઈ પોલરા સહિત આગેવાનો પ્રતાપભાઈ ખુમાણ, કુલદીપભાઈ ખુમાણ, રામજીભાઈ ભાલાળા, ધોહાભાઈ ગૌદાણી, દલસુખભાઈ ભાલાળા અને મગનભાઈ ગૌદાણી ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોની હાજરી વચ્ચે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગોના નિર્માણથી ગામના લોકોને અવરજવર અને પરિવહનની વધુ સારી સુવિધા મળશે. પ્રસંગે નાના કણકોટના ગ્રામજનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાનો આ વિકાસકાર્ય બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



રાજુલા બાયપાસ પાસે તુફાન ગાડીનો અકસ્માત, ૧૮ યાત્રાળુઓ ઘાયલ

અમરેલી,તા.૧૯

રાજુલા બાયપાસ રોડ પર મોડી સાંજે તુફાન ગાડીનો ગંભીર અકસ્માત સર્જાતા ૧૮ યાત્રાળુઓ ઘાયલ થયા હતા. જાત્રા પૂર્ણ કરીને પોતાના વતન શિયાળબેટ ગામ પરત ફરી રહેલા પરિવારજનોને લઈ જતું વાહન અચાનક નિયંત્રણ ગુમાવતા વીજળીના થાંભલા સાથે અથડાયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે ગાડીનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ઘટનાના પગલે આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને બાયપાસ રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો. જાણ થતાં રાજુલા પોલીસ, ૧૦૮ ઈમરજન્સી સેવા અને સ્થાનિક યુવાનો તાત્કાલિક સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

બગસરાના ઘંટીયાણ ગામે સિંહણના હુમલામાં પુત્ર ગુમાવનાર પરિવારને રૂ.૧૦ લાખની સહાય

બગસરા, તા.૧૯

બગસરા પંથકના ઘંટીયાણ ગામે ગત ૧૧ તારીખે સિંહણ અને બે બચ્ચાએ એક સાત વર્ષીય પરપ્રાંતીય બાળક પર જીવલેણ હુમલો કર્યો હતો. આ દુઃખદ ઘટના બાદ પરિવારે બે દિવસ સુધી બાળકનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. જોકે, વન વિભાગની સમજાવટ અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપ્યા બાદ પરિવારે મૃતદેહ સ્વીકાર્યો હતો. આજ રોજ વન વિભાગ અને પ્રાંત અધિકારી નંદાના હસ્તે પીડિત પરિવારને રૂ.૧૦ લાખની આર્થિક સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વન વિભાગના અધિકારીઓ અને ઘંટીયાણ ગામના સરપંચ કલ્પેશભાઈ સોજીત્રા હાજર રહીને પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.



સિંહના હુમલામાં મોતને ભેટેલ યુવકનો પગ મળી આવ્યો

અમરેલી,તા.૧૯

રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક સિંહના હુમલામાં મૃત્યુ પામેલા યુવકના શરીરના અંગો મળવાનો સિલસિલો હજુ પણ ચાલુ છે. ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ મૃતક યુવકનું માથું મળી આવ્યું હતું, જ્યારે ઘટનાના ચોથા દિવસે તેનો એક પગ મળી આવ્યો છે. મળતી માહિતી મુજબ, એક શ્વાન આ પગને ખેંચીને નજીક આવેલી ગુજરાત પાવર પ્લાન્ટ કંપનીના પરિસરમાં લઈ ગયો હતો. આ સમગ્ર ઘટના કંપનીના CCTV કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજુલા રેન્જના વન વિભાગે સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ અને શોધખોળ શરૂ કરી છે. મૃતકનો પગ બનાવ સ્થળ સામે આવેલા કંપનીના પરિસરમાંથી મળી આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

ખાંભા ખાતે ગ્રીન ગ્રુપ એજ્યુકેશન ચેરી.ટ્રસ્ટ દ્વારા બાળકોને ભોજન

અમરેલી,તા.૧૯

ખાંભા ખાતે ગ્રીન ગ્રુપ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતા અમરીશભાઈ જોશીના સહયોગથી ૧૦૦થી ૧૫૦ જેટલા નાના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. ટ્રસ્ટ વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજસેવાનું કાર્ય કરી રહ્યું છે. નિરાધાર લોકોને કરિયાણા કીટ, વિદ્યાર્થીઓને અભ્યાસ કીટ સહિત અનેક સહાય પૂરી પાડતી સંસ્થા દ્વારા આ સેવા યોજાઈ હતી. કાર્યક્રમમાં અમરીશભાઈ જોશી, દિલુભાઈ ખુમાણ અને ભરતભાઈ સખવાળા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



અમરેલી પોલીસે ગેરકાયદેસર ભરેલો અનાજનો જથ્થો ઝડપ્યો

અમરેલી,તા.૧૯

અમરેલી શહેર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન લીલાનગર વિસ્તારમાંથી બિલ કે અન્ય આધાર પુરાવા વિના ઘઉં અને ચોખાનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બે રીક્ષામાં ભરેલો ૩૫૦ કિલો ઘઉં અને ૧,૩૫૦ કિલો ચોખા સહિત કુલ રૂ. ૩.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે મનોજભાઈ ધીરુભાઈ સોલંકી અને નિતીનભાઈ હકાભાઈ સોલંકીની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



રાજુલાની નવી સરકારી સંઘવી પ્રાથમિક શાળા નંબર-૪ બની વાલીઓની પ્રથમ પસંદગી

અમરેલી,તા.૧૯

રાજુલા શહેરમાં તાજેતરમાં શરૂ થયેલી સરકારી સંઘવી પ્રાથમિક શાળા નંબર-૪ એ ખૂબ જ ટૂંકા સમયમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. શાળાની શરૂઆતના માત્ર દસ દિવસમાં અંદાજે ૧૦૦ જેટલા નવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવતા એક નવી સિધ્ધિ નોંધાઈ છે. રાજુલા શહેરના વિવિધ વિસ્તારોમાંથી વાલીઓ પોતાના બાળકોના પ્રવેશ માટે આ શાળા તરફ આકર્ષાઈ રહ્યા છે. બાલવાટિકાથી લઈને ધોરણ-૮ સુધીના વર્ગોમાં અન્ય સરકારી તેમજ ખાનગી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ અહીં પ્રવેશ લઈ રહ્યા છે.



બાબરાના સામાજિક અગ્રણીએ રખડતા ઢોર બાબતે કરેલી રજૂઆતને સફળતા મળી

શંભુભાઈ પાંચાણીએ મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીનો આભાર માન્યો

બાબરા,તા.૧૯

બાબરાના સામાજિક અગ્રણી શંભુભાઈ પાંચાણીએ રખડતા ઢોરની વધતી સમસ્યા અંગે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. શંભુભાઈ પાંચાણીની આ રજૂઆતને રાજ્ય સરકારે ગંભીરતાથી લઈને રખડતા ઢોરના સંચાલન માટે નવા પ્રોજેક્ટની જાહેરાત કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ યોજનામાં અમરેલી જિલ્લામાં પણ આશરે ૨૫ હજાર જેટલા આખલાઓનો સમાવેશ થઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ખેડૂતો, વાહનચાલકો અને સામાન્ય નાગરિકોને રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. રજૂઆતને સકારાત્મક પ્રતિસાદ આપવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ઊર્જામંત્રી કૌશિક વેકરિયાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.



પરિવાર સાથે વિખુટી પડેલા બાળકનો મિલાપ કરાવતી વડીયા પોલીસ

વડીયા,તા.૧૯

વડીયા રેલવે સ્ટેશન પર એક બાળક એકલું બેઠેલું જોવા મળતાં રેલવે કર્મચારીએ તેની પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન બાળક પરિવારથી વિખૂટું પડી ગયું હોવાનું જાણવા મળતાં કર્મચારીએ તાત્કાલિક ૧૧૨ ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. ૧૧૨ની ટીમે બાળકને સુરક્ષિત રીતે વડિયા પોલીસના હવાલે કર્યો હતો.બાળકની વધુ પૂછપરછ કરતાં તે દેવીપૂજક પરિવારનો હોવાનું જાણવા મળ્યું હતું. આ દરમિયાન બાળકની તસવીરો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થઈ હતી. રાજકોટના મેટોડા પોલીસ મથકે બાળક ગુમ થયાની ફરિયાદ નોંધાતા વડિયા પોલીસે મેટોડા પોલીસનો સંપર્ક કર્યો હતો. ઓળખની ખાતરી બાદ બાળકના પિતા કિશનભાઈ આંબલિયાને બોલાવી બાળકને તેમના હવાલે કરવામાં આવ્યો હતો. બાળકના પિતાએ પોલીસનો આભાર વ્યક્ત કરી કામગીરીની પ્રશંસા કરી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero

Flipkart

એક્સચેન્જ ધમાકા

ઓછું ડાઉન પેમેન્ટ ₹5999



HF Deluxe
કેશ ડીસ્કાઉન્ટ
₹ 1500

Destini
તા.૨૨ જુન ૨૦૨૬ સુધી
સ્કુટર પર એકસચેન્જ બોનસ
₹ 6500

Splendor+
કેશ ડીસ્કાઉન્ટ
₹ 2000

Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

અમરેલી બાયપાસ પરથી બસમાં દારૂનો જથ્થો ઝડપાતા ખળભળાટ

મધ્યપ્રદેશના બે શખ્સોની ધરપકડ, રૂા.૭.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત

અમરેલી, તા.૧૯

અમરેલી શહેર પોલીસને લાઠી બાયપાસથી ચિત્તલ તરફ જતાં રસ્તા પર દારૂની હેરફેર અંગે મહત્વની સફળતા મળી છે. તા. ૧૮ જૂન ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસકર્મી હાર્દિકભાઈ ઓધડભાઈ ડવ અને તેમની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પેસેન્જર બસ નં. MP-૦૯-ZG-૯૯૯૦માં ખાસ બનાવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રોયલ સ્ટેગ કંપનીની ૧૮૦ એમએલની ૩૭ બોટલ તેમજ કિંગફિશર સ્ટ્રોંગ બીયરના ૫૦૦ એમએલના ૬૬ ટીન કબ્જે કર્યા હતા. ઉપરાંત બસ અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૭,૨૬,૬૧૨નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે મધ્યપ્રદેશના જાબુઆ જિલ્લાના રહેવાસી ગજરાજ કેરમસીંહ ડાવર અને દિલીપભાઈ દુકાલસીંહ સોલંકીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અલીરાજપુર જિલ્લાના સુરેશભાઈ વસુનીયા નામના આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

બગસરા વોર્ડ નં.૨ના સદસ્યના ત્રાસથી કર્મચારીઓમાં ભારે અસંતોષનો ચરૂ

સત્તાધીશો સદસ્ય સામે યોગ્ય કાર્યવાહી નહી કરે તો કામકાજ ઠપ્પની તૈયારી

બગસરા,તા.૧૯

બગસરા નગરપાલિકામાં છેલ્લા કેટલાક સમયથી વહીવટી વાતાવરણ તંગ બન્યું હોવાની ચર્ચા ચાલી રહી છે. વોર્ડ નં. ૨ના સદસ્ય દ્વારા નગરપાલિકાના વિવિધ વિભાગોના કર્મચારીઓ સામે પાયાવિહોણા ભ્રષ્ટાચારના આક્ષેપો કરી માનસિક દબાણ અને ધમકીભર્યા વર્તનના આક્ષેપો કર્યા હોવાનું જાણવા મળે છે.

કર્મચારીઓના જણાવ્યા મુજબ, સદસ્ય દ્વારા કચેરીની મુલાકાત દરમિયાન અનેક વખત અશોભનીય ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે કર્મચારીઓમાં અસંતોષ અને ભયનું વાતાવરણ સર્જાયું છે.

આ પરિસ્થિતિની અસર રોજિંદી વહીવટી કામગીરી પર પણ પડી રહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. કર્મચારીઓમાં વધતા રોષને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં મામલો વધુ ઉગ્ર બને તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો જવાબદાર સત્તાધીશો દ્વારા સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો કર્મચારીઓ સંગઠનાત્મક અને કાયદાકીય સ્તરે વિરોધ નોંધાવવા સાથે કામકાજ ઠપ્પ કરવાની દિશામાં પણ આગળ વધી શકે તેવી ચર્ચા કર્મચારીગણમાં ચાલી રહી છે.

બાબરાના સમઢિયાળામાં તીનપત્તી જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૧૯

બાબરા તાલુકાના સમઢિયાળા ગામની મેલડી માતાજીના સીમ વિસ્તારમાં પોલીસે દરોડો પાડી જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ તા. ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ મધરાત્રી બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓમાં પ્રકાશભાઈ ગોરધનભાઈ ખાવડિયા, સુભાષભાઈ ગોરધનભાઈ ખાવડિયા, સુનિલભાઈ ગોરધનભાઈ ખાવડિયા, અશોકભાઈ ગીરધરભાઈ વાઘેલા અને ઉમેશભાઈ ઉર્ફે દિકુભાઈ કનુભાઈ વાઘેલાનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી હારજીતના દાવ પર રમાતો જુગાર ઝડપી કુલ રૂ. ૧૪,૬૪૦ની રોકડ રકમ તેમજ પર ગંજીપત્તાના પાના કબ્જે કર્યા હતા. આ મામલે બાબરા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જનકતળાવીયાની હાજરીમાં ઠાંસા ગામે વિકસિતભારતજનકલ્યાણશિબિર યોજાઈ

અમરેલી,તા.૧૯



લાઠી તાલુકાના ઠાંસા ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં "વિકસિત ભારત જન કલ્યાણ શિબિર"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી સરકારી યોજનાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સાથે જ ગ્રામજનોએ પોતાની વિવિધ સમસ્યાઓ અને રજૂઆતો સંબંધિત વિભાગોના અધિકારીઓ સમક્ષ રજૂ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રજાના કલ્યાણ માટે અનેક જનહિતકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાઓનો લાભ ગામડાના છેવાડાના લોકો સુધી સરળતાથી પહોંચે અને નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે આવા જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. તેમણે ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી.

નાગેશ્રી ૧૦૮ ની ટીમે CPR આપીને તાજા જન્મેલા બાળકનો જીવ બચાવ્યો

રાજુલા,તા.૧૯



જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે પ્રસૂતિની અસહ્ય પીડા ભોગવતી માતાએ ઘરે જ બાળકને જન્મ આપ્યો હતો. નવજાત શિશુ સામાન્ય બાળકની જેમ રડતું ન હતું અને તેના હૃદયના ધબકારા પણ ખૂબ જ ઓછા હતા. આવી ગંભીર પરિસ્થિતિમાં નાગેશ્રી ૧૦૮ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. ભરત બાંભણિયાએ ત્વરિત સૂઝબૂઝ વાપરીને બાળકને છાતી પર દબાણ અને કૃત્રિમ શ્વાસ (CPR) આપી નવજીવન આપ્યું હતું. વધુમાં, પ્રસૂતિ બાદ નબળી હાલતમાં રહેલી માતાની સારવાર માટે કોલ સેન્ટરના ડોક્ટરની સલાહ મુજબ જરૂરી પગલાં લેવાયા હતા. ત્યારબાદ પાયલોટ કાનજીભાઈ બારૈયાએ સલામતીપૂર્વક બંનેને રાજુલા સરકારી હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

પીપળલગ પ્રા. શાળામાં મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૯

પીપળલગ પ્રાથમિક શાળામાં ગામના સ્થાનિક આરોગ્ય કર્મચારી મુસ્તાકભાઈ એમ. જુણેજા દ્વારા બાળકોને મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા તથા ચિકનગુનિયા જેવા રોગો વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. આ સાથે જ તેમણે બાળકોને પોરા નાશક ગપ્પી માછલીના ફાયદાઓ વિશે સમજાવેલ તેમજ શાળામાં ગપ્પી માછલીનું પ્રત્યક્ષ નિદર્શન કરાવેલ હતું. આ ઉપરાંત, આ ઉપરાંત આરબીએસકે (RBSK) ટીમ દ્વારા પીપળલગ પ્રાથમિક શાળાના બાળકો માટે ધનુર વિરોધી રસી અંગેના ખાસ કેમ્પનું આયોજન કરીને રસીકરણની કામગીરી કરવામાં આવી હતી.



ખાંભાના મોટા બારમણમાં તીનપત્તી જુગાર રમતા લોકો પર પોલીસનો દરોડો

ખાંભા,તા.૧૯

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામના અઘોર સીમ વિસ્તારમાં પોલીસે તીનપત્તી જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી. તા. ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ વહેલી સવારે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં ભરતભાઈ ભાભલુભાઈ ખુમાણ, મધુભાઈ દાદાભાઈ વરૂ, હેમરાજભાઈ ટપુભાઈ કોટીલા, ગૌતમભાઈ ભીમભાઈ વરૂ, અરજણભાઈ ભીખાભાઈ પરમાર, સંજયભાઈ બધાભાઈ જોગદિયા અને ઈમરાનખાન કેસરખાન બ્લોચ સહિત સાત આરોપીઓને પોલીસે સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓ ખોડુભાઈ નાનાભાઈ વરૂની વાડી પાસે ખુલ્લી જગ્યામાં લેમ્પના અજવાળે ગંજીપત્તાના પાનાં વડે હારજીતનો જુગાર રમી રહ્યા હતા. પોલીસે રૂ. ૧૪,૪૩૦ની રોકડ રકમ કબજે કરી હતી. જ્યારે અન્ય સાત આરોપીઓ દરોડા દરમિયાન ફરાર થઈ જતા તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

ચલાલા ખાતે ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા જરૂરીયાતમંદોને ચંપલ વિતરણ

અમરેલી,તા.૧૯



ચલાલા ખાતે આવેલા ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના જરૂરિયાતમંદ લોકો માટે ચંપલ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉનાળાની કાળઝાળ ગરમી અને ધોમધખતા તડકામાં લોકોને રાહત મળે તે હેતુથી આ સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સંસ્થાના સેવાભાવી કાર્યકરો અને દાતાઓના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લાભાર્થીઓએ કાર્યક્રમનો લાભ લીધો હતો. ઉપસ્થિત લોકોએ ગાયત્રી સંસ્કાર ધામના સેવાભાવી પ્રયાસોને બિરદાવતાં સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. ગાયત્રી સંસ્કાર ધામ સમાજસેવા, ધાર્મિક જાગૃતિ અને માનવકલ્યાણના વિવિધ કાર્યો દ્વારા સતત લોકસેવામાં કાર્યરત છે.

સંકુલ કોલેજ પ્રવેશ ચાલુ

BA - MA - સાયકોલોજી
BA - MA - સોસીયોલોજી
BA - MA - ઈંગ્લીશ
B.Com. - M.Com - ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com - ઈંગ્લીશ મિડીયમ
B.Sc. - M.Sc - મેથ્સકોમ્બાયોલોજી
B.Sc. - M.Sc - બાયોટેક્નોલોજી
BCA - MCA - કોલેજ (GTU)
BBA - MBA - કોલેજ (GTU)
B.Pharm. - M.Pharm.
B.Ed. - PTC - કોલેજ
PG - DMLT - કોલેજ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad112

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૩૮/૨૦૨૬

અરજદારશ્રીઃ- જાદવ રાહુલ પ્રાગજીભાઈ
રે.આદસંગ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી આદસંગ, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે

મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી પ્રાગજીભાઈ રાજાભાઈ જાદવનું મરણ તા.૧૩/૦૨/૨૦૦૩ ના રોજ મુ.આદસંગ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

અવસાન નોંધ

રાજકોટ

બાલમુકુંદજી ઘરાઈ નિવાસી હાલ બાબરા ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ગં.સ્વ.કુસુમબેન બળદેવભાઈ જોશી (ઉ.વ.૬૮) તે સ્વ.બળદેવભાઈ જોશી (તલાટી મંત્રી) ના ધર્મપત્ની, ગિરિરાજભાઈ (શ્રી સરસ્વતી શિશુ મંદિર વલારડી) તથા ડો. રાહુલભાઈ (પ્રિન્સિપાલ રાણાવાવ સરકારી વિનયન કોલેજ)તથા શ્વેતનિશાબેન જીગ્નેશભાઈ અધ્યારું રાજકોટ ના માતૃશ્રી તથા વંદનાબેન, રોહિણીબેન, જીગ્નેશભાઈ અધ્યારું (રાજકોટ)નાં સાસુ તેમજ પ્રેક્ષા, ધ્વનિ અને જેશીકાનાં દાદી તેમજ જેનીશા અને તીર્થનાં નાની તા.૧૮/૦૬/૨૦૨૬ ને ગુરૂવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમનું બેસણું તા.૨૨/૦૬/૨૦૨૬ ને સોમવાર નાં સવારે ૧૦ થી સાંજે ૫ સુધી ઘરાઈ મુકામે રાખેલ છે તેમજ બાબરા મુકામે બેસણું તા.૨૫/૦૬/૨૦૨૬ ગુરુવાર સાંજે ૪ થી ૬ "સ્નેહમુદ્રા "રામનગર સોસાયટી રાજકોટ રોડ નિવાસ્થાને રાખેલ છે.



-// સભાસદોને જાણસારૂ //-

શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો-ઓપ. સોસા. લિ.,ના તમામ સભાસદોને જણાવવાનું કે તા.૧૭/૦૫/૨૦૨૬ ને રવિવાર ના રોજ મળેલી સામાન્ય સભામાં શ્રી જહાનવી વુમન ક્રેડિટ કો-ઓપ.સોસા.લિ.ને શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો-ઓપ. સોસા. લિ.,માં મર્જ કરવાનો ઠરાવ નંબર-૦૭ થી થયેલ. જીલ્લા રજીસ્ટ્રારને કરેલ અરજી અન્વયે જણાવીએ છીએ, જો આ મર્જ પ્રક્રિયામાં કોઈને વાંધો હોય તો પોતાના બાકી લેણા ભરી પોતે રાજીનામુ આપી શકશે.

મર્જ પ્રક્રિયા પૂર્ણ થયા પછી શ્રી જહાનવી વુમન ક્રેડિટ કો-ઓપ.સોસા.લિ.ના સભ્ય શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો-ઓપ. સોસા.લિ.ના સભ્ય ગણાશે.

લી.
બોર્ડ ઓફ ડિરેકટર્સ
શ્રી પ્રગતિ સેવિંગ્ઝ એન્ડ ક્રેડિટ કો-ઓપ. સોસા. લિ.,
શ્રી દિલીપ સંઘાણી સહકાર ભવન,૧-આદર્શ સોસાયટી, રેલ્વે સ્ટેશન રોડ, લીલીયા મોટા.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

LAKSHYA EDUCATION
ધોરણ 10 અને 12 માં
નાપાસ થયેલા વિદ્યાર્થી માટે
એક વધુ તક
NIOS બોર્ડ માં પરીક્ષા આપી
ઉજવળ ભવિષ્ય બનાવો
સરકાર માન્ય બોર્ડ | માન્ય સંસ્થા | NIOS બોર્ડ ના પરીક્ષા કેન્દ્ર
અમરેલી, ગોડલ, રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ, જામનગર, પોરબંદર, વડોદરા
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા
7043819956

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

મોટા દેવળીયા ખાતે જનક તળાવીયાની ઉપસ્થિતિમાં જનકલ્યાણ શિબિર યોજાઈ

બાબરા,તા.૧૯

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામ ખાતે આજે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિ રહી હતી. રાજ્ય સરકાર દ્વારા પ્રજાલક્ષી યોજનાઓનો લાભ ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકોને સરકારી



કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ નાગરિકોની અરજીઓ, પ્રશ્નો અને રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આરોગ્ય, સામાજિક ન્યાય, કૃષિ, પશુપાલન, શિક્ષણ, આવાસ, પાણી પુરવઠા તેમજ અન્ય વિવિધ વિભાગોની યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલીની ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A. સેમ-૫ નું ૯૫% પરિણામ

ગામી ખુશી પ્રથમ સ્થાને, સંસ્થા દ્વારા તેજસ્વી વિદ્યાર્થિનીઓ અને સ્ટાફને અભિનંદન

અમરેલી,તા.૧૯

અમરેલીની લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.A. (Eng.) સેમેસ્ટર-Vનું



યુનિવર્સિટી પરિણામ ૯૫% આવ્યું છે, જેમાં કોલેજે ૧૦૦% ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. કોલેજ કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ૮૭.૦૯% સાથે ગામી ખુશી પ્રથમ, ૮૬.૧૮% સાથે કાનાણી નીધી દ્વિતીય અને ૮૬.૦૦% સાથે મેર મૈત્રી તૃતીય સ્થાને રહી છે. યુનિવર્સિટી પરીક્ષામાં આ ગૌરવપૂર્ણ અને શ્રેષ્ઠ સફળતા મેળવવા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ તરફથી કોલેજના સમગ્ર સ્ટાફને, ઉત્તીર્ણ વિદ્યાર્થીનીઓ અને રેન્કર્સને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

બગસરામાં તીનપત્તી જુગાર રમતા છ શખ્સ ઝડપાયા

પોલીસે રોકડા રૂ. ૧૨,૮૦૦ અને જુગારનું સાહિત્ય કબ્જે કર્યું

અમરેલી,તા.૧૯

બગસરા શહેરમાં જાહેર સ્થળે તીનપત્તીનો જુગાર રમતા છ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. મળતી માહિતી મુજબ, બગસરા પોલીસ સ્ટેશનના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે વિકાસભાઈ અશોકભાઈ ડાભી, આશિષભાઈ મનોજભાઈ ડાભી, રાહુલભાઈ વિનુભાઈ ડાભી, ભવદીપભાઈ કાળુભાઈ ડાભી, મેહુલભાઈ મુકેશભાઈ ડાભી અને વિશાલભાઈ મુકેશભાઈ ડાભીને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડા રૂ. ૧૨,૮૦૦, ગંજીપત્તાના ૫૨ પાના તેમજ જુગાર સંબંધિત અન્ય મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

ખાંભાના ભાણીયા ગામે ૮૫ ફૂટ ઊંડા કૂવામાં પડેલા મોરનું સફળ રેસ્ક્યુ

ખાંભા,તા.૧૯

ખાંભા તાલુકાના તુલસીશ્યામ રેન્જ હેઠળ આવેલા ભાણીયા ગામમાં ૮૫ ફૂટ ઊંડા કૂવામાં પડી ગયેલા મોરનું વન વિભાગે સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. ભાણીયા ગામના ખેડૂત કરણભાઈ મોરીના કૂવામાં મોર પડી ગયો હોવાની જાણ થતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક વન વિભાગને માહિતી આપી હતી. જાણ મળતા



જ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. શરૂઆતમાં મોરને સુરક્ષિત બહાર કાઢવા માટે કૂવામાં ખાટલો ઉતારી પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ મોર ખાટલા પર ન આવતાં કામગીરીમાં મુશ્કેલી સર્જાઈ હતી. ત્યારબાદ વન વિભાગના એક કર્મચારીએ જોખમ ઉઠાવી કૂવામાં ઉતરી મોરને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. રેસ્ક્યુ બાદ મોર સંપૂર્ણ સ્વસ્થ હોવાનું જણાતા તેને સુરક્ષિત સ્થળે મુક્ત કરવામાં આવ્યો હતો. વન વિભાગની સતર્કતા અને સ્થાનિકોની જાગૃતતાથી પક્ષીનો જીવ બચી ગયો હતો.

ધારીમાં યુવાનને જાનથી મારી નાખવાની ધમકી, ત્રણ સામે ગુનો

ધારી,તા.૧૯

ધારી પોલીસ મથકમાં એક યુવાનને જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદી રવિરાજભાઈ રાવતભાઈ વાળા (ઉ.વ. ૨૧), મૂળ ભટવાવડી અને હાલ સુરતના કતારગામ વિસ્તારમાં રહે છે. ફરિયાદ મુજબ, અગાઉ આપેલી ફરિયાદનું સમાધાન કરવા માટે કાર્તિક બાવાજી, રહે. વિસાવદર, તેમજ બે અજાણ્યા શખ્સોએ તેમને ગાળો આપી દબાણ કર્યું હતું. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવ અંગે રવિરાજભાઈએ ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની કાર્યવાહી એ.એસ.આઈ. એન.બી. માઢક દ્વારા કરવામાં આવી રહી છે.

રાજુલા તાલુકાના ખેરા ગામે યુવતીના લગ્ન અટકાવવા બાબતે આધેડ પર જીવલેણ હુમલો

રાજુલા,તા.૧૯

રાજુલા તાલુકાના ખેરા ગામમાં બહેનના આવનારા લગ્ન અટકાવવાના ઈરાદે યુવતીના પિતા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ અજયભાઈ ભરતભાઈ ગુજરીયાએ વિનુભાઈ રણછોડભાઈ ગુજરીયા, શાંતિભાઈ રણછોડભાઈ ગુજરીયા અને માનસંગ રણછોડભાઈ ગુજરીયા સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ અનુસાર, એક વર્ષ અગાઉ વિનુભાઈએ ફરિયાદીની બહેન અસ્મિતાબેન સાથે લગ્ન કર્યા હતા. બાદમાં અસ્મિતાબેનને માનસિક અને શારીરિક ત્રાસ મળતા તેઓ પોતાના માતા-પિતા પાસે રહેવા આવી ગયા હતા. અસ્મિતાબેનની મરજી મુજબ તેમના લગ્ન આગામી ૨૨ જૂન, ૨૦૨૬ના રોજ નક્કી કરવામાં આવ્યા હતા. આ લગ્નથી ના૨ાજ આરોપીઓએ કાવતરું રચી રાત્રિના સમયે ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. આરોપીઓએ ભરતભાઈને પકડી રાખ્યા બાદ વિનુભાઈએ કુહાડી વડે તેમના માથામાં ઘા મારી ગંભીર અને જીવલેણ ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈને પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમરેલીનાં વાડી વિસ્તારમાંથી રૂ.૧૦ હજારની સબમર્સિબલ મોટરની ચોરી

વાડી માલિકે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી,તા.૧૯

અમરેલી શહેરના લીલીયા રોડ પર સી.એન.જી. પંપની બાજુમાં આવેલી એક વાડીમાં ચોરીની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, મનિષભાઈ ચુનીભાઈ કાબરીયાની માલિકીની વાડીમાં ઓરડીની બહાર સરસામાન રાખવાના પતરાના શેડ નીચે મુકવામાં આવેલી સબમર્સિબલ મોટર કોઈ અજાણ્યા ચોર દ્વારા ચોરી કરી લેવામાં આવી હતી. ચોરી થયેલી મોટરની કિંમત અંદાજે રૂ. ૧૦,૦૦૦ હોવાનું નોંધાયું છે. આ બનાવ ૧૫ જૂન ૨૦૨૬ના રોજ સવારે અંદાજે ૮:૩૦ થી ૧૦:૩૦ વાગ્યાની વચ્ચે બન્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બનાવ અંગે અમરેલી શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

દામનગરમાં આંગણવાડી બાળકોનું આરોગ્ય નિરીક્ષણ કરવામાં આવ્યું

અમરેલી,તા.૧૯

દામનગર શહેરની આંગણવાડી કેન્દ્રોમાં ડો. પારુલબેન દંગી દ્વારા બાળકોનો આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે અન્નપ્રાશન અને બાળ દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંચાલક વંદના સી. સોલંકી, આંગણવાડી વર્કરો, હેલ્પર બહેનો અને



વાલીઓ હાજર રહ્યા હતા. ડો. દંગીએ વાલીઓને બાળ પોષણ, આરોગ્ય જાળવણી અને ઉત્તમ ઉછેર અંગે માર્ગદર્શન આપી બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૨૦-૦૬-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

દૈનિક રાશિફળ

તા.૨૦-૦૬-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો,

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

દામનગર ભોજલરામ નાગરિક શ.સ. મંડળી દ્વારા દિકરીઓને પાઠ્યપુસ્તક નુ વિતરણ

અમરેલી,તા.૧૯

દામનગરની શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લિમિટેડ દ્વારા સુરત સ્થિત પરમાર્થ ટ્રસ્ટ સંચાલિત કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતી ૨૦૮ દીકરીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો અને નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહનરૂપ સેવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. પરમાર્થ



ટ્રસ્ટ દ્વારા લેઉવા પટેલ સમાજની દીકરીઓને વિનામૂલ્યે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સુવિધા આપવામાં આવી રહી છે. ટ્રસ્ટ 'સા વિદ્યા યા વિમુક્તયે'ના સૂત્રને આત્મસાત કરીને દીકરીઓના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સતત કાર્યરત છે.વિતરણ કાર્યક્રમ દરમિયાન તમામ ૨૦૮ દીકરીઓને અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો અને નોટબુક્સ અર્પણ કરવામાં આવી હતી. આ પહેલનો મુખ્ય હેતુ દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનો તેમજ તેમના શૈક્ષણિક વિકાસમાં સહયોગી બનવાનો છે. કાર્યક્રમને દીકરીઓ, સંચાલકો અને ઉપસ્થિત આગેવાનો દ્વારા આવકાર મળ્યો હતો.

બગસરાના હામાપુર નજીક હિટ એન્ડ રન અકસ્માતમાં ખેડૂતનું મોત

અમરેલી,તા.૧૯

બગસરા તાલુકાના હામાપુર ગામ નજીક ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સર્જાયેલા હિટ એન્ડ રન અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, હામાપુરના રહેવાસી અને ખેડૂત કાળુભાઈ કરશનભાઈ વેકરિયા (ઉ.વ. ૫૮) પોતાની પેશન પ્રો મોટરસાયકલ નંબર GJ-૧૪-S-૮૧૭૯ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન કાર નંબર GJ-૩૯-CA-૬૨૩૦ના ચાલકે વાહન પૂરઝડપે અને બેદરકારીપૂર્વક પાછળથી હંકારી મોટરસાયકલને ટક્કર મારી હતી. અકસ્માતના કારણે કાળુભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે હરકિશનભાઈ પરશોતમભાઈ વેકરિયાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં 'ફિનિશિંગ સ્કૂલ-લાઈફ સ્કીલ' તાલીમ વર્ગનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલાની વી.ડી. કાણકીયા આર્ટસ અને એમ. આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે આજે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે "ફિનિશિંગ સ્કૂલ-લાઈફ સ્કીલ" તાલીમ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે યોજાતા આ પ્રકલ્પનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સોફ્ટ સ્કીલ્સ,



લાઈફ સ્કીલ્સ અને રોજગારલક્ષી કૌશલ્યોનો વિકસાવવાનો છે, જેથી તેઓ ભવિષ્યના પડકારો સામે મજબૂતાઈથી ઊભા રહી શકે. આ વર્ષે પણ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એસ.સી. રવિયાના માર્ગદર્શનમાં અને અંગ્રેજી વિભાગના અધ્યાપક અને કાર્યક્રમના સંકલનકર્તા ડૉ. હાર્દિક ઉદેશીના સંકલનથી આ વિશેષ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજુલામાં આધેડ મહિલાના ગળામાંથી ૩.૧.૧૭ લાખના સોનાના ચેનની ચોરી

ત્રણ અજાણ્યા શખ્સો ભીડનો લાભ લઈ રફુચક્કર થયા

અમરેલી,તા.૧૯

રાજુલા ખાતે સાવરકુંડલા રોડ પર આવેલી રાજાણી કરિયાણાની દુકાનમાં ખરીદી કરવા ગયેલી મહિલાના ગળામાંથી સોનાની ચેન ચોરી થવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરવામાં આવી છે.ફરિયાદ મુજબ, દોલતી ગામના પટેલ વિસ્તારની રહેવાસી ચતુરાબેન કાળુભાઈ વાઘમશી (ઉંમર ૫૭) તા. ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ રાજુલા મુકામે કરિયાણાની ખરીદી કરવા ગયા હતા. તે દરમિયાન દુકાનમાં હાજર બે અજાણી મહિલાઓ અને એક અજાણ્યા પુરુષે ભીડ અને અવરજવરનો લાભ લઈને તેમની સાથે ધક્કામુક્કી કરી હતી. આ દરમિયાન આરોપીઓએ ચતુરાબેનના ગળામાં પહેરેલી આશરે ૩૫.૬૩૦ ગ્રામ વજનની સોનાની ચેન, જેની કિંમત અંદાજે રૂ. ૧,૧૭,૦૦૦ હોવાનું જણાવાયું છે, તેમની જાણ બહાર ચોરી કરી લીધી હતી. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા બે મહિલા અને એક પુરુષ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની મદદથી આરોપીઓની ઓળખ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તંત્રી લેખ

ટેકનોલોજી અને પ્રકૃતિના સમન્વયથી સુવર્ણ ભારત તરફ પ્રયાણ

ભારતીય સંસ્કૃતિ હંમેશાંથી પરિવર્તનશીલ અને સ્વીકાર્ય રહી છે. આજના આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના અભૂતપૂર્વ વિકાસે આપણા જીવનને એક નવી દિશા આપી છે. વિજ્ઞાનનો આ પ્રસાર ભારતીય મૂલ્યો અને સંસ્કારોને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવાની સુવર્ણ તક પૂરી પાડે છે. જો આપણે પરંપરાગત મૂલ્યો અને આધુનિક સંશોધનો વચ્ચે યોગ્ય સંતુલન સાધી શકીએ, તો એક અત્યંત સમૃધ્ધ અને સુખી સમાજનું નિર્માણ થઈ શકે છે. આજના ઔદ્યોગિક યુગમાં વહીવટીતંત્ર અને બજાર વ્યવસ્થામાં પણ સકારાત્મક બદલાવ આવી રહ્યા છે. સરકારી પ્રક્રિયાઓ ડિજિટલ થવાથી પારદર્શિતા વધી છે, જે અંતરિયાળ વિસ્તારના નાગરિકોને સીધો લાભ પહોંચાડે છે. બીજી તરફ, સાહિત્યકારો અને પ્રચાર માધ્યમો આજે વૈશ્વિક સ્તરે જ્ઞાનનો પ્રસાર કરી રહ્યા છે. મોટા ઉદ્યોગો ભારતીય યુવાનોને વૈશ્વિક મંચ પર રોજગારીની અઢળક તકો પૂરી પાડી રહ્યા છે, જેના કારણે ભારત આર્થિક મોરચે એક સક્ષમ રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે. આપણી લોકશાહીમાં વૈચારિક વિવિધતા એ આપણી મુખ્ય શક્તિ છે, જે લોકતાંત્રિક પ્રક્રિયાને વધુ મજબૂત બનાવે છે. ઔદ્યોગિક વિકાસની સાથે-સાથે પર્યાવરણીય સંતુલન જાળવવું એ આજના સમયની તાતી માંગ છે. દેશના મહાનગરોમાં પર્યાવરણ પ્રત્યે સભાનતા સતત વધી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોનો વધતો ઉપયોગ અને ગ્રીન એનર્જી તરફનું પ્રયાણ આપણા શહેરોની હવાને શુધ્ધ કરવા તરફનું એક મોટું અને પ્રોત્સાહક કદમ છે. આ આધુનિકીકરણથી પ્રકૃતિ સાથેનો આપણો નાતો વધુ વૈજ્ઞાનિક અને મજબૂત બને છે.

કૃષિ ક્ષેત્રમાં પણ હવે એક નવી ક્રાંતિની શરૂઆત થઈ ચૂકી છે. આપણો દેશ ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. રાસાયણિક ખાતરોને સ્થાને જૈવિક ખાતરો અને ડ્રોન ટેકનોલોજી જેવી આધુનિક પ્રણાલીઓનો ઉપયોગ વધી રહ્યો છે, જેનાથી જમીનની ફળદ્રુપતા સચવાશે અને ખેતપેદાશો વધુ પૌષ્ટિક બનશે. આનાથી ભારતીય નાગરિકોની સરેરાશ આયુષ્ય મર્યાદા અને એકંદર સુખાકારીમાં મોટો ઉછાળો આવશે તે નિશ્ચિત છે.

સરકારની વર્તમાન નીતિઓ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવી રહી છે, જે યુવાનોને માત્ર નોકરી શોધનારા નહીં પરંતુ નોકરી આપનારા બનાવી રહી છે. આ સ્ટાર્ટઅપ્સ દ્વારા પર્યાવરણ, આરોગ્ય અને પીવાના પાણીની સમસ્યાઓના ટેકનોલોજીકલ ઉકેલો શોધવામાં આવી રહ્યા છે. હવે શ્રમિકો અને યંત્રો એકબીજાના પૂરક બનીને કામ કરી રહ્યા છે. જળ વ્યવસ્થાપન માટે દેશના ભૂસ્તરશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકો આધુનિક મેપિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને દુષ્કાળ જેવા કપરા સમયમાં પણ પાણીની સપ્લાય સુનિશ્ચિત કરવા માટે સજ્જ થઈ રહ્યા છે. આમ, ટેકનોલોજીના યોગ્ય વિનિયોગ, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને સમન્વયાત્મક અભિગમ સાથે ભારત એક સક્ષમ, સ્વસ્થ અને પ્રગતિશીલ ભવિષ્ય તરફ મક્કમ પગલે આગળ વધી રહ્યું છે.

આજે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાનું એક છે. ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિકરણ તેમજ વધતી જતી વસ્તીના કારણે દેશમાં ઊર્જાની માંગ અભૂતપૂર્વ ગતિએ વધી રહી છે. આ પરિસ્થિતિમાં રાષ્ટ્રના સર્વાંગી વિકાસને ગતિશીલ રાખવા માટે અવિરત અને સસ્તી ઊર્જા પૂરી પાડવી એ ભારત સામેનો એક મોટો અને અનિવાર્ય પડકાર છે. જો કે, આ પડકાર આપણને આધુનિક ટેકનોલોજી અને ટકાઉ સંસાધનો તરફ વળવાની એક અદભુત તક પણ પૂરી પાડે છે.

સંસાધન સાર્વભૌમત્વનો નવો સૂર્યોદય: રેર અર્થ મેટલ્સ અને વૈશ્વિક સત્તા સમીકરણો

વૈશ્વિક સત્તા પરિવર્તનનો નવો પ્રવાહ શરૂ થઈ ચૂક્યો છે.માનવ સભ્યતાના ઈતિહાસમાં સર્વોપરિતાના માપદંડો સતત બદલાતા રહ્યા છે. એક સમય એવો હતો જ્યારે જે દેશ પાસે વિપુલ પ્રમાણમાં અણુશક્તિ કે અત્યાધુનિક લશ્કરી સૈન્ય બળ હોય, તે જગત આખામાં પરમ શક્તિશાળી ગણાતો હતો. પરંતુ વર્તમાન સમયની વાસ્તવિકતા અને વૈશ્વિક પ્રવાહો સંપૂર્ણપણે બદલાઈ ચૂક્યા છે. હવે લશ્કરી સૈન્યની સરખામણીએ જે દેશ પાસે વધુ ભૌતિક અને કુદરતી સંસાધનો ઉપલબ્ધ હોય, તે દેશ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રભુત્વ હાંસલ કરવા માટે સક્ષમ બને છે. ભૂતકાળમાં ખનીજ તેલના ભંડારોએ વૈશ્વિક રાજકારણને નવી દિશા આપી હતી, પરંતુ આજના આધુનિક તકનીકી યુગમાં અમુક ચોક્કસ પ્રકારના વિશિષ્ટ ખનીજોનો ભંડાર જે દેશ પાસે વધુ હશે તે આખા જગતનું સંચાલન કરશે. આ પરિવર્તનના કેન્દ્રમાં રહેલું અતિ મહત્વનું એલિમેન્ટ એટલે કે તત્વ ''દુર્લભ ખનીજો'' અથવા રેર અર્થ મેટલ્સ છે, જેના કારણે વર્તમાન સમયમાં વિશ્વના દેશો વચ્ચેનું પરંપરાગત સત્તા સંતુલન પણ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે.

એકવીસમી સદીના વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રમાં સૈન્ય શક્તિ કરતાં તકનીકી પ્રભુત્વ અને સંસાધનની સર્વોપરિતા વધુ નિર્ણાયક અને પ્રભાવી સાબિત થઈ રહી છે. તાજેતરમાં જ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીની પ્રમુખ શી જિનપિંગ વચ્ચે કોરિયાના ઐતિહાસિક શહેર બુસાન ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય મુલાકાતે સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આશરે છ વર્ષના લાંબા અંતરાલ પછી આ બે શક્તિશાળી મહાસત્તાઓના વડાઓ એક જ ટેબલ પર સામસામે બેઠા હતા, જે માત્ર એક સામાન્ય કે ઔપચારિક મુલાકાત નહોતી પરંતુ વૈશ્વિક સ્તરે સત્તાના સંતુલનની પુનઃરચના તરફનો એક મોટો સંકેત હતો. વ્યાપાર અને વૈશ્વિક અર્થતંત્રના મોરચે એકબીજા સામે આર્થિક યુધ્ધ જાહેર કરવા આતુર એવા આ બંને દેશોએ આ મહત્વપૂર્ણ બેઠકમાં જે કરાર કર્યા, તે કોઈ સાધારણ વ્યાપારિક સમજૂતી નથી પરંતુ તે રેર અર્થ એલિમેન્ટ્સ એટલે કે દુર્લભ ખનિજ તત્ત્વોના નિયમન અને સપ્લાય અંગેના વ્યૂહાત્મક કરાર હતા. આ એક એવી અનિવાર્ય સામગ્રી છે જેણે વર્તમાન સમયમાં વિશ્વના મોટા-મોટા મહત્વાકાંક્ષી અને અભિમાની દેશોના ગુમાનને ઉતારીને તેમને ઝૂકવા માટે મજબૂર કરી દીધા છે. પોતાની આક્રમક નીતિઓ અને વારંવાર બદલાતા આકરા નિવેદનો માટે જાણીતા અમેરિકી પ્રમુખ પણ



આ સંવેદનશીલ મુદ્દે નરમ પડ્યા છે, કારણ કે તેઓ સારી રીતે જાણે છે કે ભવિષ્યની ઉચ્ચ ટેકનોલોજીનો રાજમાર્ગ ચીનની ભૌગોલિક સરહદોમાંથી અને તેના શુદ્ધિકરણ પ્લાન્ટ્સમાંથી જ પસાર થાય છે.

આ વિષયને શૈક્ષણિક અને વ્યાપક દ્રષ્ટિએ ઊંડાણપૂર્વક સમજવા માટે સૌપ્રથમ એ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે રેર અર્થ મેટલ વાસ્તવમાં શું છે. આ કોઈ એક સિંગલ કે સ્વતંત્ર ધાતુનું નામ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

નથી, પરંતુ તે રસાયણશાસ્ત્રના આવર્ત કોષ્ટકમાં રહેલા સત્તર વિવિધ વિશિષ્ટ રાસાયણિક તત્ત્વોનો એક અનન્ય સમૂહ છે, જેમાં લેન્થેનાઈડ શ્રેણીના પંદર તત્ત્વો ઉપરાંત સ્કેન્ડિયમ અને ઈટ્રિયમનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ તત્ત્વો પૃથ્વીના પેટાળમાં તદ્દન અપ્રાપ્ય કે અદ્રશ્ય નથી, પરંતુ તેમને 'રેર' અથવા દુર્લભ એટલા માટે સંબોધવામાં આવે છે કારણ કે તેઓ શુધ્ધ સ્વરૂપમાં એકસાથે ક્યાંયથી શુધ્ધ પથ્થર તરીકે મળતા નથી. આ તત્ત્વો પૃથ્વીના સામાન્ય ખડકો અને અન્ય રોજિંદી ધાતુઓ સાથે પૃથ્વીના પેટાળમાં એવી રીતે ભળેલા હોય છે, જેમ કે અનાજના વિશાળ ઢગલામાં ઝીણા કાંકરા ભળેલા હોય. એક સત્તાવાર અંદાજ મુજબ સમગ્ર વિશ્વમાં આ ધાતુઓનો આશરે અગિયાર કરોડ ટન જેટલો વિશાળ ભંડાર પૃથ્વીના પેટાળમાં મોજૂદ છે, પરંતુ આ ભંડારનું ભૌગોલિક વિતરણ સમગ્ર પૃથ્વી પર અત્યંત અસમાન અને પક્ષપાતી છે. આ કુલ વૈશ્વિક ભંડારમાંથી સિંહભાગ એટલે કે આશરે ચાર કરોડ ને ચાલીસ લાખ ટન જેટલો પ્રચંડ જથ્થો એકલા ચીન દેશ પાસે ઉપલબ્ધ છે, જે તેને સમગ્ર વૈશ્વિક બજારમાં એકહથ્થુ એકાધિકાર અને વર્ચસ્વ પ્રદાન કરે છે.

કોલસો, તાંબું કે લોખંડ જેવી પરંપરાગત ધાતુઓની જેમ રેર અર્થ એલિમેન્ટ્સની કોઈ સમર્પિત મોટી પથરાયેલી ખાણો હોતી નથી, જેમાંથી સીધો જથ્થો લોડર દ્વારા બહાર કાઢી શકાય.

માનવ સભ્યતા આજે જે અદ્યતન ડિજિટલ અને સ્માર્ટ ટેકનોલોજીના યુગમાં શ્વાસ લઈ રહી છે, તેના પાયાના મૂળમાં આ અદ્રશ્ય ધાતુઓ જ રહેલી છે. સામાન્ય નાગરિક કદાચ સોનું, ચાંદી, તાંબું કે લોખંડ જેવી પરંપરાગત રોજિંદી ધાતુઓથી સારી રીતે પરિચિત હોય છે, પરંતુ રેર અર્થ વિશે બિલકુલ અજાણ હોવા છતાં પોતાના સવારથી સાંજ સુધીના જીવનમાં તેનો પ્રતિદિન વ્યાપક ઉપયોગ કરે છે. સવારે જાગતાની સાથે જ હાથમાં લેવામાં આવતો આધુનિક સ્માર્ટફોન આ ધાતુઓ વગર અસ્તિત્વ જ ધરાવી શકે નહીં. સ્માર્ટફોનની લિથિયમ બેટરીની સંગ્રહ ક્ષમતા વધારવા, એલસીડી કે ઓલેડ સ્ક્રીનના વાઈબ્રન્ટ કુદરતી રંગો ઉત્પન્ન કરવા, કેમેરાના ઉચ્ચ સેન્સર્સ અને સ્પીકરના અતિ શક્તિશાળી ચુંબક બનાવવા માટે નિયોડીમીયમ અને પ્રાસીઓડીમીયમ જેવી મહત્વની ધાતુઓ અનિવાર્ય છે. આપણા ઘરોમાં વપરાતા આધુનિક ઓટોમેટિક વોશિંગ મશીન, ટેલિવિઝન, કમ્પ્યુટર હાર્ડ ડિસ્કથી લઈને ભવિષ્યના પરિવહન ગણાતા ઈલેક્ટ્રિક વ્હીકલ્સ એટલે કે ઈવીની હાઈ-પાવર મોટરમાં આ તત્ત્વો મુખ્ય ડ્રાઈવિંગ ફોર્સ તરીકે અજોડ કામ કરે છે.

ચીન પરની આ જોખમી નિર્ભરતા ઘટાડવા માટે હવે અમેરિકા અને યુરોપિયન દેશો સપ્લાય ચેઈનના વૈકલ્પિક આંતરરાષ્ટ્રીય માર્ગો ખૂબ જ સક્રિયતાથી શોધી રહ્યા છે. આ વૈશ્વિક પ્રવાહો વચ્ચે ભારતની ભૌગોલિક અને વ્યુહાત્મક સ્થિતિ અત્યંત આશાસ્પદ છે. રેર અર્થના કુલ ભંડારની દ્રષ્ટિએ ભારત વિશ્વના ટોચના પાંચ અગ્રણી દેશોમાં ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે અને દેશ પાસે આશરે સિત્તેર લાખ ટન જેટલો મોટો કુદરતી ભંડાર ઉપલબ્ધ છે. આમ છતાં, આપણી મોટી મર્યાદા એ છે કે આપણે આ ભંડારના વ્યવસાયિક ઉત્પાદન અને શુદ્ધિકરણની તકનીકીમાં ઘણા પાછળ છીએ અને આપણું વાર્ષિક ઉત્પાદન માત્ર ત્રણ હજાર ટનની આસપાસ જ મર્યાદિત છે. આ રાષ્ટ્રીય અનિવાર્યતાને સમજીને ભારત સરકારે વર્ષ ૨૦૨૫માં યોગ્ય સમયે રાષ્ટ્રીય વ્યૂહાત્મક ખનિજ મિશન એટલે કે 'નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન' લોન્ચ કર્યું છે, જે અંતર્ગત દેશમાં જ આત્મનિર્ભરતા લાવવા માટે પ્રોસેસિંગ ટેકનોલોજી વિકસાવવા પર સર્વોચ્ચ ભાર મુકાઈ રહ્યો છે.

આજે સોનુ અને ચાંદી સૌથી કિંમતી ધાતુ ગણાય છે. પરંતુ હવે આ સમીકરણ બદલાયા છે સૌથી કિંમતી ધાતુ હવે "દુર્લભ ખનીજો" છે. એને માટે વૈશ્વિક સત્તાના સમીકરણો પણ બદલાઈ રહ્યા છે.

શબ્દ સંજોગ-૨૨૧૮



આડી ચાવી :
(૧) આબરૂ,વિશ્વાસ (૨)
(૩) મારી..... ને આરે ઢોલ વાગે છે... (૫)
(૭) વિધાર્થીને ઘર માટે અપાતું લેસન (૩)
(૯) એક છંદ (૩)
(૧૦) વિક્રમ સંવત (૩)
(૧૧) પ્રથમ દાવ કઈ ટીમે લે તે નકકી કરવા માટે ઉછાળાતો સિકકો (૨)
(૧૨) નીચલો હોઠ (૩)
(૧૩) છેડો અંત (૨)
(૧૫) તંગી,અછત (૨)
(૧૬) ચણાની દાળની ખીચડી (૩)
(૧૮) વિઝા,પાસપોર્ટ બરોબર છે એમ જણાવતી નોંધ કે પરવાનો (૨)
(૧૯) એક રાગ (૩)
(૨૦) એક ઈમારતી લાકડું (૨)
(૨૧) તીરનો ભાથો (૪)
(૨૩) વેચાણ ઉપરનું વળતર (૩)
(૨૪) રોજ લેવાના દૂધની બાંધણી (૩)
(૨૫) પક્ષી,ગ્રહ (૨)
(૨૬) દીકરીની મા રાણી,..... માં ભરે પાણી (૪)
(૨૭) શાહીનો ખડિયો (૩)

ઉભી ચાવી :
(૧) પાલવ,લૂગડાનો છેડો (૩)
(૨) કંસનો સસરો (૪)
